Tuesday
01.09.2024
*Volume :9 * Issue No.75
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# પીએમ ૨ ઓકટોબરે ઝારખંડની મુલાકાત લેશે

## પીએમ કુલ રૂ. ૭૯,૧૫૦ કરોડના ખર્ચ સાથે ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરશે

**પીએમ ૪૦ એકલવ્ય શાળાઓનું ઉદ્‌ઘાટન કરશે અને ૨૫ એકલવ્ય શાળાઓનો શિલાન્યાસ પણ કરશે**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨ ઑકટોબર ૨૦૨૪ના રોજ ઝારખંડની મુલાકાત લેશે. બપોરે લગભગ ૨ વાગ્યે, તેઓ ઝારખંડના હજારીબાગમાં રૂ. ૮૩,૩૦૦ કરોડથી વધુ મૂલ્યના વિવિધ પ્રોજેકટનો શિલાન્યાસ, લોકાર્પણ અને ઉદ્‌ઘાટન કરશે. સમગ્ર દેશમાં આદિવાસી સમુદાયોના વ્યાપક અને સર્વગ્રાહી વિકાસની ખાતરી કરવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રી કુલ રૂ. ૭૯,૧૫૦ કરોડથી વધુના ખર્ચ સાથે ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરશે. આ અભિયાન ૩૦ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૪૯ જિલ્લાઓ અને ૨,૭૪૦ બ્લોકસમાં ૫ કરોડથી વધુ આદિવાસી લોકોને લાભ આપતા લગભગ ૬૩,૦૦૦ ગામોને આવરી લેશે. ભારત સરકારના વિવિધ ૧૭ મંત્રાલયોઅને વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલા ૨૫ હસ્તક્ષેપો દ્વારા સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ, આજીવિકામાં નિર્ણાયક અવકાશનેસંતૃપ્ત કરવાનો તેનો હેતુ છે. આદિવાસી સમુદાયો માટે શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રકચરને વેગ આપવા માટે, પ્રધાનમંત્રી ૪૦ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ (EMRS)નું ઉદ્‌ઘાટન કરશે અને રૂ. ૨,૮૦૦ કરોડથી વધુની કિંમતની 25 EMRS માટે શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ૧૩૬૦ કરોડ રૂપિયાથી વધુના પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN) હેઠળ બહુવિધ પ્રોજેકટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. તેમાં ૧૩૮૦ કિલોમીટરથી વધુ રોડ, ૧૨૦ આંગણવાડી, ૨૫૦ બહુહેતુક કેન્દ્રો અને ૧૦ શાળા છાત્રાલયોનો સમાવેશ થાય છે. વધુમાં, તે PM જનમન હેઠળ સીમાચિહ્નરૂપ સિદ્ધિઓની શ્રેણીનું પણ અનાવરણ કરશે, જેમાં લગભગ ૩,૦૦૦ ગામડાઓમાં ૭૫,૮૦૦ થી વધુ ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTG) પરિવારોનું વીજળીકરણ, ૨૭૫ મોબાઈલ મેડિકલ યુનિટનું સંચાલન, ૫૦૦ કેન્દ્રોની સ્થાપના, ૫૦૦ કેન્દ્રોની સ્થાપનાનો સમાવેશ થાય છે. ૨૫૦ વન ધન વિકાસ કેન્દ્રો અને 'નલ સે જલ' સાથે ૫,૫૫૦ થી વધુ પીવીટીજી ગામોની સંતૃપ્તિ સામેલ છે.




**પીએમ PM-JANMAN હેઠળ બહુવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે**

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વનો પ્રજાલક્ષી નિર્ણય**

# રાજયમાં સાંકડા પુલ - સ્ટ્રકચર્સને પહોળા કરવા ૨૪૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા

## રાજ્યના ૨૦ જેટલા માર્ગો પરના ૪૧ સાંકડા પુલ-સ્ટ્રક્ચર્સના વાઇડનીંગથી ટ્રાફિક જામ થવાની સમસ્યાનું નિવારણ થશે



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગોપરના સાંકડા પુલ-સ્ટ્રકચર્સને પહોળા કરી ટ્રાફિક જામ થવાની સમસ્યામાંથી મુક્તિ માટેનો મહત્વપૂર્ણ પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. તદઅનુસાર રાજ્યમાં ૨૦ જેટલા માર્ગો-રસ્તાઓ પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા ૪૧ હયાત પુલ અને સ્ટ્રકચર્સ પહોળા કરવાની કામગીરી માટે મુખ્યમંત્રીશ્રીએ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. માર્ગ અને મકાન વિભાગ હવે આવા સાંકડા પુલ અને સ્ટ્રકચર્સને રસ્તાઓની પહોળાઈને અનુરૂપ વાઈડનીંગ કરવાની કામગીરી હાથ ધરશે. રાજ્યમાં કુલ મળીને એવા ૪૧ પુલો કે સ્ટ્રકચર્સ છે જેની પહોળાઈ રસ્તાઓની પહોળાઈ કરતા સાંકડી છે.

આના પરિણામે આવા પુલો-સ્ટ્રકચર્સ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઊભી થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાને આ વિષય આવતા તેમણે લોકોને ટ્રાફિક જામની સમસ્યા ભોગવવી ન પડે તેમજ ઝડપી અને સલામત યાતાયાત થઈ શકે તે હેતુસર આ ૨૪૫.૩૦ કરોડ રૂપિયા સાંકડા પુલો અને સ્ટ્રકચર્સના વાઈડનીંગ માટે ફાળવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના આ જન હિતકારી નિર્ણયથી આગામી દિવસોમાં રાજ્યના રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર નેટવર્કમાં વધુ સુવિધાજનક નેટવર્ક નાગરિકોને ઉપલબ્ધ થશે અને ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ થશે.

# યુવાનો નવીન ટેકનોલોજીની પ્રેકટીકલ તાલીમ મેળવી શકે તે માટે કૌશલ્યા – ધ સ્કિલ યુનિવર્સીટીને એમ.જી મોટર્સ-હાલોલ દ્વારા બે સ્ટેટિક વાહનો અપાયા

## રૂ. ૪૫ લખની કિંમતના બે વાહનો પૈકી એક વાહન અમદાવાદની ITI - કુબેરનગરને અને બીજું વાહન મહીસાગરના ITI – લુણાવાડાને અપાશે



**ગાંધીનગર ખાતે કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતને એમ.જી. મોટર્સના પ્રતિનિધિઓએ વાહનોની ચાવી અર્પણ કરી**





કમલમ્ ન્યુઝ,

ભારતને વિશ્વનું "સ્કિલ હબ" બનાવવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે ગુજરાત સરકાર કટીબદ્ધતા સાથે આગળ વધી રહી છે. યુવાનોને કૌશલ્યવાન બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કરાઈ રહેલા પ્રયાસોમાં હવે વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓ પણ જોડાઈ છે. શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ વિભાગ હેઠળની "કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સીટી"ના એફીલેટેડ પાર્ટનર એમ.જી. મોટર્સ-હાલોલ દ્વારા વિદ્યાર્થીઓની પ્રેકટીકલ તાલીમ માટે રૂ. ૪૫ લખની કિંમતના બે સ્ટેટિક વાહનો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે આજે એમ.જી. મોટર્સ-હાલોલના પ્રતિનિધિ મંડળે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતને વિદ્યાર્થીઓ માટે સમર્પિત બંને સ્ટેટિક વાહનોની ચાવી અર્પણ કરી હતી. રાજ્યમાં ઓટોમોબાઈલ ટ્રેડના તાલીમાર્થીઓને પ્રેકટીકલ તાલીમ આપવા માટે આ વાહનો પૈકી એક એમજી-ઝેડએકસ-ઈવી વાહન અમદાવાદની ITI - કુબેરનગરને તેમજ બીજું એમ.જી. હેકટર વાહન મહીસાગરના ITI – લુણાવાડાને આપવામાં આવ્યા છે. શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું હતું કે, આ વાહનોની મદદથી મિકેનિક-ઈલેકિટ્રક વ્હીકલ અભ્યાસક્રમ, મિકેનિક મોટર વ્હીકલ અભ્યાસક્રમ તેમજ ઓટોમોબાઈલ સેકટરના અન્ય અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને નવીન ટેકનોલોજીની પ્રાયોગીક તાલીમ આપી શકાશે. આ ઉપરાંત મંત્રીશ્રીએ એમ. જી. મોટર્સના પ્રતિનિધિઓ સાથે યુવાનોના કૌશલ્ય વિકાસ માટે રાજ્ય સરકાર અને ઔદ્યોગિક સંસ્થાઓએ કરેલા કેટલાક સંયુક્ત ઉપક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવશ્રી વિનોદ રાવ, રોજગાર અને તાલીમ નિયામક શ્રી ગાર્ગી જૈન, કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. એસ. પી. સિંઘ તેમજ રજીસ્ટ્રાર શ્રીમતી રેખા નાયર, એમ.જી મોટર્સ-એચ.આર.ના સીનીયર ડાયરેકટર શ્રી યશવિન્દરસિંઘ પટિયાલ, જનરલ મેનેજર શ્રી કિરણસિંહ રાઠોડ તેમજ ડેપ્યુટી મેનેજર શ્રી સલોનીમિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

કેબિનેટ શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન ઓક્સફોર્ડ સ્કૂલ ખાતે ભાવી પેઢીના ઘડતર થકી રાષ્ટ્ર ના નિર્માણ માટે સમર્પિત શિક્ષક મિત્રો સાથે સવાંદ કાર્યક્રમ યોજાયો, જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે શિક્ષણ તેમજ અન્ય કેળવણી વિષયક બાબતો પર ચર્ચા કરવામાં આવી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'ડિજિટલ ભારત' વિઝનને સાકાર કરવાની નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાતે પરંપરાગત શિક્ષણ પદ્ધતિને બદલે અત્યાધુનિક 'સ્માર્ટ' ટેકનોલોજી થકી અધ્યયનનો માર્ગ અપનાવ્યો છે. આ ઉપરાંત, 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં પાયારૂપ ભૂમિકા ભજવતા શિક્ષકો તૈયાર કરવા 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન'ની સ્થાપના કરી ગુજરાતે શૈક્ષણિક ક્ષેત્રે એક નવા યુગની શરૂઆત કરી છે. આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા તેમજ અન્ય મહાનુભાવે સાથે શિક્ષકોને શૈક્ષણિક ક્ષેત્રમાં તેમની શ્રેષ્ઠતા માટે સન્માનિત કરવામાં આવ્યા.



કમલમ્ ન્યુઝ,

દૂધસાગર ડેરી મહેસાણા ના આદ્ય સ્થાપક સ્વ. માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ (વકીલ) ની ૫૪મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આયોજિત શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ ઉપસ્થિત રહી સ્વ. માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ (વકીલ)ની પ્રતિમાને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી.

